# ખોવાયેલો હાર

## ઈશા સરદેસાઈ દ્વારા પુનર્લિખિત

ઘણી શતાબ્દીઓ પહેલાંની વાત છે, ભારતમાં એક અત્યંત ધનવાન મહિલા રહેતી હતી. નગરના ચાર-રસ્તા પર તેનું બે માળનું મકાન હતું અને ઘણીવાર જ્યારે વાતાવરણ સોહામણું રહેતું, ત્યારે તેને પોતાની બાલ્કનીના દરવાજા ખુલ્લા રાખવાનું બહુ ગમતું હતું. આ રીતે, નગરમાં જો કોઈ રોમાંચક ઘટના થઈ રહી હોય તો તેને તે સહેલાઈથી સાંભળી શકતી હતી.

એક દિવસ, તે મહિલા સ્નાન કરી રહી હતી — ગરમ બાષ્પ સાથે ભળેલી ચમેલીના અત્તરની સુગંધનો આરામથી આનંદ માણી રહી હતી — ત્યારે તેને બહારથી ગુંજતા કેટલાક અવાજો સંભળાયા. સૌથી પહેલાં ઢોલ-નગારાંનો મસ્તીભર્યો ઢમકાર સંભળાયો, ત્યારબાદ વાંસળીની સુમધુર તાન સંભળાઈ અને પછી એકસાથે પીતળના ઘણા બધા રણશિંગાની જબરદસ્ત ઉલ્લાસપૂર્ણ ધૂન સંભળાઈ. તે અત્યંત આનંદદાયક સંગીત હતું અને એ મહિલાને તીવ્ર ઇચ્છા થઈ કે તે આ સંગીતને હજી વધારે સાંભળે અને બહાર જઈને જુએ કે ત્યાં શું ચાલી રહ્યું છે.

તે ફટાફટ ટબમાંથી બહાર નીકળી, પાણીના છાંટા અહીં-તહીં પડી રહ્યા હતા પણ તેની પરવા કર્યા વિના તે ટુવાલ ઉપાડીને તૈયાર થવા માટે દોડી ગઈ. સંગીત વધારે જોરથી સંભળાવા લાગ્યું હતું — એવું લાગતું હતું કે કોઈ સરઘસ પસાર થઈ રહ્યું છે અને તે નહોતી ઇચ્છતી કે તેનાથી એ જોવાનું રહી જાય. પોતાના લાકડાંના કબાટના ભવ્ય દરવાજા ખોલીને, તેને જે સાડી પહેલાં દેખાઈ, એ લઈ લીધી અને સિલ્કની એ સાડી ઝટપટ પહેરી લીધી. છેલ્લી પાટલી ખોસી લીધા પછી તેણે અરીસામાં જોયું. તેના વાળ હજી પણ ભીના હતા અને લટો ગૂંચવાયેલી હતી પણ અત્યારે તો આ ચાલશે, એવું વિચારીને તે ઉતાવળમાં નીકળી ગઈ.

જ્યારે તે ઘરની બહાર નીકળી, ત્યારે તેને એ જોઈને રાહત થઈ કે સરઘસ માત્ર થોડુંક જ આગળ ગયું હતું. તે જલ્દીથી ભીડમાં જોડાઈ ગઈ અને પછી એક કલાક સુધી રસ્તા પર આ ધૂમધામ અને શોરબકોરની વચ્ચે નાચતી-ગાતી રહી. આખરે તે પોતાની કેટલીક બહેનપણીઓ સાથે ઘરે પાછી આવી અને તેઓ બધાં હસતાં-હસતાં, હાંફતાં-હાંફતાં તેના દિવાન પર આડા પડ્યાં. થોડો સમય સુસ્તીમાં ચૂપચાપ રહ્યાં પછી, એ મહિલા અચાનક બેઠી થઈ ગઈ. તે પોતાના ગરદન અને છાતીના ભાગ પર હાથ ફેરવવા લાગી, પહેલાં ધીમેથી અને પછી જલદી-જલદી. તેના હોશ ઊડી ગયા.

“શું થયું?” તેની એક બહેનપણીએ ચિંતિત થઈને પૂછ્યું. “શું તું કંઈક શોધી રહી છે?”

“મારો હાર!” તેણે કહ્યું, તેના અવાજમાં ઘબરાટ હતો. “મારો હીરાનો હાર! સરઘસમાં જતાં પહેલાં મેં એ પહેર્યો હતો અને — અને હવે તે નથી!”

“ચિંતા ન કર,” તેની બહેનપણીએ સાંત્વના આપતા કહ્યું. “અમે તે શોધવામાં તારી મદદ કરીશું. કદાચ તે ઘરમાં જ ક્યાંક હશે?”

“ના, ના મને ખાતરી છે કે ઘરેથી નીકળતા પહેલાં મેં એ પહેર્યો હતો!” એ મહિલાએ જોરથી કહ્યું. અને સાથેસાથે તે ફર્નિચરની પાછળ, તકિયા અને નાની-મોટી, જુદીજુદી વસ્તુઓ ઉઠાવીને શોધવા લાગી. તેની બહેનપણીઓ પણ તેની સાથે શોધવા લાગી.

જોકે તેમના પ્રયત્નો નિરર્થક સાબિત થયા. એ મહિલા ભયભીત હાવભાવ સાથે પોતાની બહેનપણીઓ તરફ ફરી. “કદાચ — કદાચ કોઈએ એ હાર *ચોરી* લીધો હશે તો?”

“તારો મતલબ સરઘસમાં?”

“હા!” એ મહિલાએ કહ્યું. “તે ખૂબ જ કિંમતી હાર હતો, અને તેમની પાસે એને ચોરવાની ઘણી તકો હતી. મને તો પૂરી *ખાતરી છે* કે કોઈ ચોર મારો હાર લઈને ભાગી ગયો!”

એ મહિલા ફરીથી દિવાન પર બેસી ગઈ અને આ નવી સંભાવના વિશે અધિક ગહનતાથી વિચારવા લાગી. તે બાળકની જેમ ડૂસકાં ભરીને રડવા લાગી.

“તે કેટલો સુંદર હતો,” તેણે ઉદાસ થતા કહ્યું. “તે મારો ખાનદાની વારસો હતો. જો મારો પરિવાર તેના વિશે પૂછશે તો? મને ખબર નથી હું *શું* કહીશ. ઓહ, મને તે હાર કેટલો ગમતો હતો! હું તેને દરરોજ પહેરતી હતી. અને હવે કોઈ આવ્યું ને તેને લઈ ગયું — તેની એટલી હિંમત, શું તું માની શકે છે? અથવા... અથવા...અથવા કદાચ હાર પગની નીચે કચડાઈ ગયો હશે! હા, હવે જ્યારે હું વિચાર કરું છું તો મને લાગે છે કે એવું જ થયું હશે. તને ખબર છે ને કે હું કહી જ રહી હતી કે કેટલો ઘોંઘાટ છે, કેટલી ભીડ છે —”

“પેલું શું છે?” તેની બહેનપણી તેના બબડાટમાં વિક્ષેપ પાડતા અચાનક બોલી.

મહિલા ડૂસકાં ભરતાં-ભરતાં બોલી. “શું, શું છે?”

“પેલું,” એ મહિલા તરફ ઈશારો કરીને બહેનપણીએ કહ્યું.

“તું શું —” એ મહિલા બોલવા લાગી, તેની બહેનપણી તેની તરફ આગળ વધી રહી હતી ત્યારે તે મહિલા વ્યાકુળતાથી જોવા લાગી. “ત્યાં તો મેં પહેલાં જ જોઈ લીધું હતું — *ઓહ!*”

એ મહિલાના ગળા પાસે કોઈ સોનેરી, ચમકદાર વસ્તુ ઝગમગી રહી હતી, જે તેની સાડીની ગડીની નીચે દેખાઈ રહી હતી. બહેનપણીએ તેને હળવેથી ખેંચી અને તે બહાર આવી ગઈ — એક નાજુક સેર જેમાં સફેદ રંગના, ઘણા બધા ગોળ-ગોળ હીરાઓ જડેલા હતા.

“મારો હાર!” મહિલાએ રાહતનો શ્વાસ લીધો. તેણે ફરીથી કહ્યું, “મારો હાર!” જ્યારે તેને સમજાયું કે ખરેખર શું થયું હતું ત્યારે તેનો અવાજ વધારે મોટો અને વધારે ઉત્સાહપૂર્ણ થઈ ગયો. ફરીથી તેના ચહેરા પર આંસુ વહેવાં લાગ્યાં, પરંતુ આ વખતે તે ખુશીનાં આંસુ હતાં.

“તો એનો અર્થ કે હાર ક્યારેય ખોવાયો જ નહોતો?” મહિલાના શાંત થયા પછી તેની બહેનપણીએ મજાકમાં કહ્યું.

જવાબ આપતી વખતે એ મહિલાના હાવભાવ સૌમ્ય હતા.

તેણે કહ્યું. “ના. મને લાગે છે કે નહોતો ખોવાયો. તે તો આખો વખત મારી સાથે જ હતો.”

*આ વાર્તા ભારતીય વેદાંતદર્શનમાં વર્ણિત એક પૌરાણિક કથા પરથી પ્રેરિત છે.*

© ૨૦૨૪ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.